# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ :- suratdeo@gmail.com

Fax no:-૦૨૬૧-૨૬૬૨૯૦૨ web :-www.suratdeo.org

જા નં/પ્રાથમિક/પરિપત્ર/૨૦૨૫/ ૫૬૦૯ તા.૩૦/૦૫/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી/સંચાલકશ્રી,
રજીસ્ટર્ડ પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ
સુરત જિલ્લો-સુરત.

વિષય:- શાળાનાં વિદ્યાર્થીઓને ચોક્કસ દુકાનેથી જ પુસ્તકો/નોટબુક/સ્કૂલ બેગ/સ્ટેશનરી ખરીદવા અંગેની ફરજ ન પાડવા બાબત.

સંદર્ભ:-૧. બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯.
૨. ગુજરાત સરકારશ્રી,શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક:પીઆરઆઈ-૧૧/૨૦૧૪/સી.ફા./૧૦-ક તા.૦૨/૧૨/૨૦૧૪.

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે આપની શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ચોક્કસ દુકાનેથી જ પુસ્તકો,નોટબુક,સ્કૂલ બેગ,સ્ટેશનરી ખરીદવા બાબતે તથા શાળા ખાતે આવી વસ્તુઓનું કે સ્ટેશનરીનું વેચાણ ન કરવું તથા "ધી રાઈટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯" અંગેનાં ઉક્ત સંદર્ભદર્શિત ઠરાવમાં નિર્દેશિત કરેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

વધુમાં ગ્રાન્ટ ઈન એઈડ કોડ-૧૯૬૪ ની કલમ-૧૭ માં પ્રવેશની શરત તરીકે ખરીદી માટે દબાણ ન કરવું તે અંગે "શાળા તેનાં વિદ્યાર્થીઓ પર અમુક એજન્સી મારફત લેખન સામગ્રી ખરીદવાની કે અમુક છાપની કે બનાવટની લેખન સામગ્રી ખરીદવાની કે આવા ખાનગી વેચાણ માટે તેણે કે બીજા કોઈએ છાપેલ હોય પરંતુ પાઠ્યપુસ્તકની માન્ય યાદી પર ન હોય તેવી નોંધો,પ્રશ્નો,ઉત્તરો વગેરે ખરીદવાની ફરજ પાડી શકાશે નહિ" તેવો સ્પષ્ટ નિર્દેશ કરેલ છે.તેનું તમામ શાળાઓએ પાલન કરવાનું રહેશે.

ઉક્ત સંદર્ભદર્શિત ઠરાવની જોગવાઈઓને ધ્યાને લઇ, શાળાનાં વિદ્યાર્થીઓને ચોક્કસ દુકાનેથી ગણવેશ/પુસ્તકો/સ્ટેશનરી/લેખન સામગ્રી જેવી વિદ્યાર્થીઓને ઉપયોગી આનુષંગિક વસ્તુઓ ખરીદવા આગ્રહ ન કરવા આથી તાકીદસહ જણાવવામાં આવે છે.

અત્રેની કચેરીનાં નિયંત્રણ હેઠળ નોંધાયેલી પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ નોંધણીની શરતો,સરકારશ્રીનાં નિયમો તથા વખતોવખતનાં ઠરાવો/જોગવાઈઓ/સૂચનાઓનું પાલન કરવું જરૂરી છે. આ શરતો,સૂચનાઓ અને જોગવાઈઓનું પાલન ન કરવાનાં સંજોગોમાં અત્રેની કચેરી/વડી કચેરી દ્વારા નિયમોનુસારની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે,જેની નોંધ લેશો.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લો-સુરત

નકલ રવાના:-
૧. તમામ શિક્ષણ નિરીક્ષકશ્રી,સદર કચેરી,
૨. તમામ મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રી,સદર કચેરી,
/-સદર પરિપત્રનો અમલ કરાવવા સારૂ.